March 2023

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 18 ● Issue 6 / 205
● Mumbai ● Page 20 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

મારા પ્યારા સ્નેહી, સ્વજનો, મિત્રો
પ્રણામ મિત્રો !
આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું !
હરિવંશરાય બચ્ચનની એક કવિતાની બહુ જ સુંદર પંક્તિઓ છે.

**''કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી,**
**કુછ ભી કિયે બીના હી, કભી જયજયકાર નહીં હોતી.''**

આ છે માસ્ટર કી...

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ તરીકેનો હોદ્દો સ્વીકારવાનો એક વર્ષનો સમય જોતજોતમાં પસાર થઈ ગયો, પરંતુ મને જણાવતાં ગર્વની લાગણી થાય છે કે મારી સાથે જોડાયેલી ટીમના અદ્‌ભુત સાથ-સહકાર બદલ તેઓને જેટલાં અભિનંદન આપું એટલા ઓછા છે. બધા જ હોદ્દેદારોએ સમાજનાં વિકાસ માટે, સમાજને એકસાથે જોડી રાખવા ખુબ જ મહેનત કરી છે, જેનાં પરિણામે અમોએ આજ સુધી જેટલા પણ કાર્યક્રમો આપની સમક્ષ મૂક્યા છે, તે બધાને સફળતા મળે છે. તો દાનવીર દાતાઓનો પણ સારો સાથ મળી રહે છે. નિયમિત આપ સહુને 'પ્રતિબિંબ' મુખપત્રનાં માધ્યમથી બધા જ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓથી વાકેફ તો કરતાં જ રહીએ છીએ.

**'Group & Growth'ના સૂત્રોથી જ ઉત્તરોત્તર સારા કાર્યો થઈ રહ્યા છે અને થતાં જ રહેશે.**

તાજેતરમાં જ **૮ માર્ચ, ૨૦૨૩ના રોજ 'વુમેન્સ ડે'** નિમિત્તે ખુબ જ સુંદર કાર્યક્રમ આપણા પાટણ સમાજની બહેનોએ તા. ૧૧ માર્ચ, શનિવારના રોજ બીસીએ-ગરવારે ક્લબ, ચર્ચગેટ ખાતે ૪૫૦થી વધારે સંખ્યામાં ઉપસ્થિત રહેનાર બહેનો માટે 'વુમન એમ્પાવરમેન્ટ'નો કાર્યક્રમ સંપન્ન થયો. આયોજન બહુજ સુંદર હતું. શ્રીમતી હિનાબેન માટલીવાળાએ 'દીશા'ની પ્રવૃત્તિઓની વિગતવાર જાણકારી આપતા જણાવ્યું કે, તેઓ કંઈરીતે કાર્યરત છે અને બાળકોને કેવી રીતે ટ્રેઈન કરવામા આવે છે, કઈ રીતે સફળતા મળે છે તે જણાવ્યું.
ડૉ. કલ્પનાબેન પત્રાવાલાએ પણ સ્વાનુભવો સાથે જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સ્વની તૈયારી હોવી જોઈએ તે વિશે માર્ગદર્શન આપ્યું. શ્રીમતી હિનાબેન ચેતનભાઈ શાહ, શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ, શ્રીમતી જીમ્મીબેન તરંગભાઈ શાહ, શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ, શ્રીમતી ડો. દિપ્તીબેન નિખિલભાઈ શાહ તથા શ્રીમતી સોનલબેન સંદિપભાઈ શાહ વિગેરેને ધન્યવાદ. ખૂબ મહેનત અને પરિશ્રમ લઈને કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા.

**તા. ૯, એપ્રિલ ૨૦૨૩** રવિવારની સલૂણી સંધ્યાએ સાંજના ૬ કલાકે મુંબઈમાં નંબર વન ગણાતા એવા જાજરમાન સન્મુખાનંદ હોલમાં સંગીતની સૂરાવલીમાં શ્રી અમીત જાધવ એન્ડ પાર્ટીની નવી થીમ સાથે સુપર-ડુપર હીટ ગીતોનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ માણવા માટે સમગ્ર પાટણના પરિવારજનોએ આ અવસરને શોભાયમાન બનાવવા સાથ-સહકાર આપવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન જે દાતા પરિવારોએ આ વર્ષે પણ ઉમદા રકમનું દાન આપ્યું છે તે સહુનું બહુમાન કરવામાં આવશે. નવા વસતી પત્રકનું વિમોચન કરવાનો આ અણમોલ અવસર છે. સમાજના વધુમાં વધુ લોકો ઉપસ્થિત રહે તેવી અમારી ભાવના છે.

Cont. page 2

વસતી પત્રક લગભગ ૧૦ મહિનાની અથાગ મહેનત અને પરિશ્રમ અમારી આખી ટીમના સભ્યો તથા મંડળની ઓફિસના સ્ટાફની મહેનત કાબિલે દાદ માંગી લે છે. ખુબજ કપરું આ કામ સરળથાથી પાર પાડવા માટે ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ શાહ (જે.ડી.), શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ (વસઇ) ની આગેવાનીમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું છે, ખૂબ ખૂબ અભિનંદન. ઓફિસના શ્રીમતી સુશિલાબેન, શ્રી મનુભાઈ જોષી અને શ્રી જ્ઞાનેશભાઈ, શ્રીમતી શીતલબેન, શ્રીમતી પ્રિયાબેન, શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી જયંતિભાઈ વિગેરેની મહેનત અને પરિશ્રમ પ્રસંશનીય છે.

તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ પોલીસ જીમખાના, મરીનડ્રાઈવ ખાતે PPL Tournament ... Day & Night Matchનું આયોજન કર્યું હતું. તેમાં ફાઈનલ મેચ Irasva Starz અને S.K. Strikers વચ્ચે રમાઈ હતી. Irasva Starz ટીમનો વિજય થયો હતો. આ ટીમને ખૂબ ખૂબ અભિનંદન. આખી PPL Tournament છેલ્લા બે મહિનાથી ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ અને તેમની ટીમે અથાગ મહેનત કરીને જબરદસ્ત સફળતા અપાવી છે. તેઓએ હરિયાણાના વાઘ તરીકે જાણીતા - માનીતા ક્રિકેટર શ્રી કપીલ દેવને આમંત્રણ આપીને બોલાવતા પાટણ જૈન મંડળની શાનમાં વૃદ્ધિ કરી હતી.

નિઃસ્વાર્થ અને નિષકામ સેવા પછી એ તન-મન-ધનની હોય કે સમય, શક્તિ કે સંપત્તિની હોય સિદ્ધિ અને સફળતા અવશ્ય અપાવે છે. પરમાત્મા શ્રી પંચાસર પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી પાટણ જૈન મંડળે નિર્ધારિત મેડિકલ સેન્ટર માટે પાટણના વતનીએ નામ ન આપવાની શરતે રૂા. ૫.૨૫ કરોડની દાન ગંગા વહાવી પાટણના ઈતિહાસમાં નામ રોશન કર્યું છે. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર તરફથી મેડિકલ સેન્ટરને રૂા. ૧.૫૦ કરોડની સખાવત પ્રાપ્ત થઈ છે. આ બન્ને પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.

સમાજના જરૂરિયાતમંદ લોકોને શિક્ષણ અને મેડિકલ સહાય દ્વારા ઉન્નત કરવાના આપશ્રી જેવા ઉત્તમ શ્રેષ્ઠ દાતાઓના સ્વપ્નને સાકાર કરવા, સર્વે પ્રકારની સાનુકૂળતાઓ પ્રાપ્ત થાઓ..... એજ અમારા સહુ કાર્યકરોના હ્રદયની ભાવના છે.

પ્રભુ મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે આપ સહુને શુભ કામના.

**અસ્તુ**

## હે પ્રભુ





સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
હાસ્ય અને આનંદ
કેમ ન ગુમાવવાં તે મને શીખવ,
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ રાખવી તે મને શીખવ,
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ,
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ,
પ્રલોભનો, પ્રસંશા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ,
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાના વમળમાં
મન ડૂબી જાય, ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ...

## જીવન પ્રત્યે માનવે દ્રષ્ટિ કેવી રાખવી ?

- એ માણસ શ્રીમંત છે કે જે સોનામાં નહીં પણ મૈત્રીમાં શ્રીમંતાઈ જુએ છે.
- પોતાના જીવનમાં ખરેખર વધુ મેળવવું હોય તો તેનો એક જ માર્ગ છે, પોતાના હિસ્સામાંથી બીજાને આપવાની ભાવના કેળવો.
- પ્રેમ એ એવી સંપત્તિ છે કે જે ખરીદી શકાતી નથી. એ સંપત્તિ તો જ સાચવી શકાય કે જો તમે તે આપતા રહો.
- માનવમાત્ર ભૂતકાળમાં થઈ ગયેલી કે ભવિષ્યમાં થવાની ઘટનાની ચિંતામાં પોતાનો વર્તમાન સમય ભૂલી રહ્યો છે, પરંતુ બુદ્ધિશાળી વ્યક્તિ વર્તમાન સમયને અનુસરે છે.
- દરેક કાર્યમાં સ્વાર્થ ભૂલી, પ્રેમથી સમગ્રતામાં જીવન નિહાળીએ તો જીવનને સાર્થક બનાવી શકાય.

## તંત્રી સ્થાનેથી...



# દિવ્ય દ્રષ્ટા મહાવીર

વિશ્વ વત્સલ, અહિંસાના પયગંબર, જગતને સત્યનો સંદેશો આપનાર શાસનપતિ ૨૪માં તીર્થંકર પ્રભુ મહાવીર જેના શાસનની શીતલ છાયામાં આપણે શાંતિથી રહીએ છીએ તેવા ત્રિશલાનંદન વીરનો જન્મ ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રીએ ક્ષત્રિયકુંડમાં થયો હતો. પ્રભુ મહાવીરનો જન્મ કલ્યાણક દરેકે દરેક જૈન સંઘો અને ફિરકાઓમાં ખૂબ ખૂબ ઉત્સાહ, ઉમંગથી ઉજવાય છે. પ્રભુ મહાવીરને આ સિવાય પણ અન્ય બે દિવસોએ યાદ કરી તેમની સ્મૃતિમાં ઉત્સવના મંડાણ થાય છે. પર્યુષણ પર્વમાં ભાદરવા સુદ બીજના દિવસે, ત્રિશલા માતાને આવેલા ૧૪ સ્વપ્નોના દર્શન કરાવીને તેમનું જન્મ વાંચન થાય છે અને આસો વદ અમાસ-નિર્વાણ દિન-દિવાળીમાં. પ્રભુએ જે સમયે આ પૃથ્વી પર અવતાર લીધો એ જ સમયે ચારે તરફ વાતાવરણમાં સુખ-શાંતિ, આનંદ-સમૃદ્ધિ, ધન-ધાન્યની વૃદ્ધિ થતાં તેમનું નામ પાડ્યું વર્ધમાન. ઈન્દ્ર મહારાજાએ નાના બાળનો જન્મોત્સવ ઉજવવા મેરૂ પર્વત પર લઈ ગયા ત્યારે શકેન્દ્રને એમ થયું કે આવો નાનો બાળ આટલી જલધારાને સહન કરી શકશે ? નાના બાળ જન્મતાંની સાથે જ ત્રણ જ્ઞાન લઈને આવેલા. પોતાના જ્ઞાનથી શકેન્દ્રની શંકાને દૂર કરવા પગના અંગૂઠાથી મેરૂ પર્વતને કંપાવી દીધો ત્યારે ઈન્દ્રે તેમનું નામ પાડ્યું મહાવીર.

માતાના મધુર કંઠેથી મીઠાં હાલરડાં સાંભળતા, સોનાના પારણે ઝૂલતા, હીરા-રૂપાની દોરીએ હિંચતા હિંચતા સિદ્ધાર્થ નંદન સમય જતાં મહાવીરમાંથી મહામાનવ બની ગયા. આવા પ્રભુનો આત્મા પણ આપણાં જેવો જ હતો. પરંતુ તપ, જપ, સાધના-સંયમના શિખરે પહોંચી જગતના લોકોને પાંચ સિદ્ધાંતો-અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, અસ્તેય, સત્યના સંદેશો આપી જગતના તારણહાર બની ગયા. લોકોને સમજાવી ગયા કે **માનવની શક્તિ જ એવી છે કે તેમાં માનવમાંથી મહાત્મા, આત્મામાંથી પરમાત્મા, જીવમાંથી શિવ અને નારાયણ બની શકે છે.**

વાસ્તવિકતા એ છે કે પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવ હેઠળ રહેતાં આપણા સૌના જીવનમૂલ્યો બદલાઈ ગયા છે. વસ્તુનું મૂલ્ય વધ્યું છે પણ વ્યક્તિનું મૂલ્ય ઘટ્યું છે. સાધનનું મૂલ્ય વધ્યું છે પણ સાધનાનું મૂલ્ય ઘટી ગયું છે. આજીવિકાનું મૂલ્ય વધ્યું છે પણ જીવનની મૂલ્ય ઘટ્યું છે. સંપત્તિની દોડમાં, ઘરમાં સંતાનોના સંસ્કારમાં ઉણપ વર્તાય છે. શ્રદ્ધા, સ્નેહ, શાંતિ પણ જીવનમાંથી ઓછા થતાં જાય છે. તેનું કારણ એ છે કે મહાવીરના વચનો અને તેમના સિદ્ધાંતોને આપણે ભૂલી ગયા છીએ. 'અહિંસા પરમો ધર્મ' 'જીવો અને જીવવા દો' સૂત્રનું મહત્વ ઘટી ગયું છે. બસ એટલું જરૂર કરીએ છીએ કે 'જૈનમ્ જયંતી શાસનમ્'નો નાદ ચારે દિશામાં ગૂંજતો રાખીએ છીએ.

વાચક મિત્ર ! ચાલો, આપણે સૌ મહાવીરને સાચા આર્થમાં ઓળખીએ, જાણીએ અને તેમના જીવનને, શાશ્વત સિદ્ધાંતોને પણ સમજીએ તો ક્યારેક મહાવીરની નજીક માત્ર ગૌતમ જ નહીં, આપણે પણ રહીશું.

**મહાવીર ક્યાંય ખોવાયા નથી કે ક્યાંય છૂપાયા નથી પરંતુ મહાવીરના સંતાનોએ તેમને મૂર્તિરૂપે મંદિરોમાં બેસાડી દીધા છે અને સ્વયં ભૌતિક દુનિયાનો પ્રવાસ કરવા દૂર દૂર નીકળી ગયા છે તેથી તેમની સાથેનું અંતર વધી ગયું છે.**

એક માતા પોતાના ત્રણ વર્ષના બાળકને લઈને દર્શન કરવા ગઈ તો બાળ સહજ પ્રશ્ન કરે છે કે મા તે મને મહાવીરની વાતો તો બહુ કરી છે પણ અને બતાવ તો ખરી તે મહાવીર ક્યાં છે ? મારે તમને જોવા છે. આ પ્રશ્નનો જવાબ આપવો માતા માટે જ કઠીન છે તેવું નથી. આપણે સૌ વિચારી જોઈએ કે આ બાળકની ઈચ્છા પૂરી કરવાની શક્તિ છે આપણી પાસે ? નિર્દોષ બાળકની ઈચ્છા પૂરી ન કરી શકનારા આપણે આવા સમયે વામણા બની બેસી રહીએ છીએ તેનું કારણ એ છે કે વાસ્તવિક રીતે તો આપણે આપણી જાતને (સ્વ)ને પણ જાણતા નથી. 'હું કોણ છું ?' 'કો અહમ્ ?' તો મહાવીરને ક્યાંથી બતાવી શકવાના ? માત્ર તેમની કથાઓ વાંચીને અને મંદિરમાં જઈને ચંદન-પુષ્પની પૂજા કરીને જ તેમને જાણીએ છીએ.

'સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધં મમ દિસતું' - સ્વયંભૂરમણ સાગર જેવાં ગંભીર, જગતારણહાર પાસે 'મન સિદ્ધિ એટલે કે પરમપદ આપો'ની માંગણી કરીએ છીએ. મહેનત કર્યા વગર, શ્રદ્ધા રાખ્યા વગર પરિણામ જોઈએ તો ક્યાંથી મળે ?

મહાવીર પાસે કશું જ માંગો નહીં, માંગવાની જરૂર પણ નથી બસ ! તેમના ચરણમાં અને શરણમાં સાવ નાના બાળક બનીને સંપૂર્ણ ભક્તિભાવે સમર્પિત થઈ જવાનું છે. મહાવીરે માતા બનીને આ સૃષ્ટિને ભરપુર વાત્સલ્ય આપ્યું છે. સૃષ્ટિમાં એવી કોઈ માતા નથી, જે મહાવીર જેવું વાત્સલ્ય પ્રદાન કરી શકે. તેમણે વાત્સલ્યને એવો ધોધ વહેવડાવ્યો કે આજે પણ સૃષ્ટિને તેમનું વાત્સલ્ય મળતું જ રહે છે.

યાદ આવે છે ને પેલો ઝેરીલો ચંડકૌશિક, પ્રભુ મહાવીર જૈને મળવા સામેથી ગયા. ગામલોકોએ તેમને ઘણી ઘણી વિનંતી કરી કે પ્રભુ આપ

ત્યાં ન જાઓ. પેલો ઝેરી નાગ તમને ડંખ મારશે. તેમ છતાં પણ પ્રભુ અડગ મને, શાંત મુદ્રાએ, મૌન રહીને, આંખોમાં અમીરસની ધારા લઈને ચંડકૌશિક પાસે જઈને ઊભા રહ્યા. એ ઝેરીલા નાગે પોતાની તમામ શક્તિઓ ભેગી કરીને પ્રભુના પગમાં જોરદાર ડંખ માર્યો, છતાં પણ પ્રભુની મુખમુદ્રા તો શાંત જ રહી. 'બુજ્જ બુજ્જ' શબ્દો દ્વારા, આંખોથી અમીરસ છલકાવતા, ક્ષમાની જલધારાથી ચંડકૌશિક પર અભિષેક કર્યો અને તેનો આવતો ભવ સુધારી લીધો.

ગૌતમ પ્રભુને મળવા સામેથી ગયા. પોતાના મનમાં જ્ઞાન અને વિધ્વતાનો ભારોભાર અહંકાર ભરીને ગયા. આ દુનિયામાં મારા જેવું બીજું કોઈ જ્ઞાની હોઈ જ ના શકે અને જ્યાં તેમની આંખોથી પ્રભુની આંખો મળી, નજરથી નજર મળીને મહાવીરના મધુર કંઠેથી 'આવો ગૌતમ' સાંભળતા જ તે જ ક્ષણે તેમનો અહંકારનો ભાર ઉતરી ગયો. નિર્દોષ બાળકની જેમ પ્રભુનું શરણું સ્વીકારી લીધું. મહાવીરના જીવનની આ બે ઘટના અદ્‌ભુત છે જેણે જગતને ક્રોધની સામે ક્ષમાનો માર્ગ બતાવ્યો અને અહંકારની સામે નમ્રતા, વાત્સલ્ય, પ્રેમ છલકાવી બતાવ્યો. મહાવીરે કહે છે કે: **'જો તમારું હૃદય પરિવર્તન થઈ જશે તો જીવનની વ્યવસ્થા આપમેળે થઈ જશે. જીવન પરિવર્તનની કોઈ જરૂર નથી.'**

મહાવીર માત્ર દ્રષ્ટા જ નહીં, પણ દિવ્યદ્રષ્ટા હતા. તેઓએ કાળ પર પણ વિજય મેળવ્યો હતો. સૃષ્ટિના છ કાયના જીવોને શાતા મળે, તેમજ પર્યાવરણનું રક્ષણ થાય તે અંગે પણ તેઓએ ખૂબ ઉત્તમ સંદેશો આપતા જણાવ્યું હતું કે, **'કુદરતનો સનાતન નિયમ યાદ રાખવા જેવો છે. 'કોઈનેય રડવાનારો જીવનમાં હસી શકતો નથી, કોઈને પણ દુ:ખી કરનારો જીવનમાં શાંતિથી જીવી શકતો નથી.'** આમ મહાવીરના વચનો પર શ્રદ્ધા રાખીએ તો જગત માટે શ્રેષ્ઠ વરદાન બની શકે છે. માત્ર ક્રિયાકાંડ કરવાથી જ મહાવીરના અનુયાયી નથી બની શકાતું. મહાવીરની વાણી મહાવીરની કરૂણા, મહાવીરની અહિંસા, મહાવીરની સમતા, મૈત્રીભાવ વિ.વિ. ગુણો જો જીવનમાં ઉતારી લઈએ તો દરેક વ્યક્તિ અંતરાત્માથી ચિંતન-મનન કરતાં આગળ વધીને પરમાત્મા સુધીની યાત્રા કરી શકે છે. જીવન ધર્મ સાથે આત્મધર્મ એકરૂપ બની જાય તો આ યાત્રા સરળ બની શકે છે.

**મહાવીરના વચનો આ અવનીમાં અમૃત સમાન છે. તે અમૃતને આત્મસાત કરવા અંતરની ધરતી પર દયાના દિવ્ય વૃક્ષો વાવીએ, કરૂણાના હૈયા છલકાવી, સર્વ જીવો સાથે 'સવિ જીવ કરૂં શાસનરસી'ની ભાવનાથી જીવન જીવીએ તો જ પ્રભુ મહાવીરનો જન્મદિન ઉજવેલો સાર્થક થશે.**

**'અપના હી ખ્યાલ કર કે જીએ, તો હમ ક્યા જીએ ?'**
**જિંદગી કા તકાજા હૈ, કિ ઔરોં કે લિયે ભી જીએ.'**
**પ્રભુના ચરણોમાં કોટિ કોટિ વંદન.**

**❑ ભારતી બી. શાહ**



# ''કહો તમે શું માનો છો ?''

અમદાવાદના શાહીબાગનાં બંગલામાં શેઠ ગુલાબદાસની એકની એક પુત્રી મીની આજે ખૂબ ઉદાસ હતી એને પોતાના ભવિષ્યની ચિંતા કોરી ખાતી હતી.

આવતી કાલે ફરીથી એક મુરતીયો તેનાં માતા-પિતા સાથે તેને જોવા-મળવા આવવાના હતા. મીની નિરાશાના ભાવ સાથે બંગલાના પોર્ચમાં હિંચકા પર બેઠી ઝૂલતી હતી. અત્યાર સુધી ઘણા મુરતીયા જોવા આવ્યા પણ નિરાશા જ મળતી. કેમકે એ પોતે જાણતી હતી કે આજના વર્તમાન યુગમાં મુરતીયાઓના જે સ્વપ્ના છે તે મુજબ તે ન તો સુંદર દેખાવડો હતી કે ન તો સ્માર્ટ હતી.

મીનીના માતા-પિતા તેને હંમેશા આશ્વાસન આપતા તેને સમજાવતા કે, ''બેટા, દેખાવ કરતાં સ્વભાવ અને ગુણ, સંસ્કારનું મૂલ્ય વધારે હોય છે, મનુષ્યનાં આંતરિક ગુણો દ્વારા જ તેનું સૌંદર્ય એ જ સાચું આભૂષણ છે. પણ મીની જાણતી હતી કે માતા-પિતા પણ સમજે છે કે આજના છોકરાઓને રૂપ-સૌદર્યનો દેખાવ તથા અંગ્રેજી હાઈસ્પીડમાં બોલની છોકરીઓ જ વધારે પસંદ છે આવા વિચારોના વમળમાં મીની અટવાઈ જતી. ગુલાબદાસની શ્રીમંતાઈ પણ કામ ન આવી અનેક વર્તમાન પેપરોમાં જાહેરખબર આપી, મેરેજ બ્યૂરોમાં નામ રજીસ્ટર્ડ કરાવ્યા, પરંતુ કાંઈ જ લેખે ન લાગ્યું. આજુબાજુનાં પાડોસીની મહિલાઓ કે સગાં સંબંધીઓ મીનીની માતા કુંજબાળા બહેનને કહેતા કે મીની ને કોઈ જ પસંદ કરે તેમ નથી. મીની ક્યારેક ક્યારેક રડી લેતી. કુંજબાળા બહેન અને ગુલાબદાસ પણ નિઃસાસા નાખતા. સમય પસાર થવા સાથે મીનીની બહેનમાં વધારો થઈ રહ્યો હતો અને માતા-પિતાની આશા સતત ઘટતી જતી હતી.

બીજા દિવસની સવાર કોઈ જાણે કેમ એના નસીબમાં શું લઈને આવવાની હતી ? ગુલાબદાસ અને માતા કુંજબાળાબહેન કંઈક તૈયારીઓ કરવામાં વ્યસ્ત હતા. મીનીને ફરી એકવાર સરસ રીતે તૈયાર થઈને રહેવાની સૂચના આપવામાં આવી. સાંજે મીની તૈયાર તો થઈ, એને અંદાજ તો હતો કે શું થવાનું છે, પણ પોતાની જાતને કંટ્રોલમાં રાખીને આ ઔપચારિકતા અદા કરવા મનને મનાવ્યું. દરવાજે બેલ વાગી, મહેમાનોને આવકાર આપી સહુની સાથે મીની પણ સોફા પર બેસી ગઈ નજરો જુકાવીને. અચાનક છોકરાના પિતાએ મીનીને પ્રશ્ન કર્યો; ''કોનો કોર્સ કર્યો છે ? તમને ફોનનો શોખ છે ? વિગેરે મીનીએ તમામ પ્રશ્નોના જવાબ આપ્યા. સહજતાથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ મળી ગયા પછી મીનીને અંદર પોતાના રૂમમા ચાલ્યા જવાનો ઈશારો કરવામાં આવ્યો પણ મીનીના કાન તો છોકરાવાળાનો જવાબ સાંભળવા આતુર હતા.

જતાં જતાં છોકરાના પરિવારે અને ગુલાબદાસે અંદરોઅંદર કંઈક વાતચીત કરી અને જે નિર્ણય જણાવ્યો તે શ્રેયા માટે એના હૃદયનો એક ધબકારો ચૂકાવી દે તેવો હતો. એ લોકોને મીની પસંદ પડી હતી. એના આનંદનો પાર નહોતો. કુંજબાળા બહેને ખૂબજ ઉંચા અને વહાલથી મીનીના માથે હાથ ફેરવીને પોતાની લાગણી દાખવી રાહતનો શ્વાસ લીધો.

મીનીએ મમ્મીને પૂછ્યું, કે આમ કેમ બન્યું ?

તેઓને સીધી સાદી ગુણવાન અને સારા સંસ્કારો ધરાવતી યુવતી જોઈતી હતી જે એનું ઘર સાચવી શકે અને એના દીકરાને પણ પ્રેમ, સ્નેહ અને હેતભર્યા વહેવારથી પોતાનો કરી શકે. આ તમામ ગુણો મીનીમાં જોવા મળ્યા હતા, આ સાંભળીને મીની પોતાની જાત માટે ગર્વ અનુભવી રહી હતી તેનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

રાતના સમયે મમ્મી-પપ્પા વચ્ચે વાત થઈ રહી હતી છોકરો દેખાવમાં સારો નહોતો લાગતો. મમ્મીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

'તો આપણી દીકરી પણ ક્યાં રૂપના રમકડા જેવી છે ?' પપ્પાના આ શબ્દોએ મીનીના આનંદને છીનવી લીધો, પરંતુ વાસ્તવિકતાના પ્રવાહમાં મીની લાચાર બનીને તૈયાર હતી. આખરે મીનીના લગ્ન થઈ ગયા. વિદાય વેળાએ મમ્મી-પપ્પાની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. ત્યારે એને લાગતું હતું કે આ બધો નર્યો દેખાડો છે, જાણે કે મીનીના હાથ પીળા કરીને જેમ તેમ એક કર્તવ્ય અદા કર્યું હોય તેમ તે અનુભવી રહી હતી. મીની તો નિશ્ચેતન ભાવથી એકપણ આંસુ પાડ્યા વિના વિદાય થઈ ગઈ. તેને લાગ્યું કે મમ્મી-પપ્પાનો ભાર ઓછો કર્યો.

આજ્ઞા અને અરમાનો સાથે એના ભાવિ ભરથાર મહેશનો હાથ પકડી સાસરાના ઉંબરે આવી ત્યારે સાસુ-સસરા એના સ્વજનોએ કુમકુમ તિલક કરી, અત્તર અને ફુલોથી વધાવી સંપૂર્ણ માન-સન્માન સાથે સ્વાગત કર્યું. જે પ્રેમ અને આત્મિયતા મેળવીને જાણે આખી દુનિયાની ખુશી મળી ગઈ. એકાએક જાણે સુખનો ચંદરવો તેના મસ્તક પર આવી ગયો. આજે મીનીને લાગ્યું કે આટલા વર્ષો સુધી એ પોતાની જાતને માતા-પિતાનો એક બોજ માની રહી હતી તે ભુલાઈ ગયું. અને એકાંત મળતાં જ મહેશની બાહુમાં સમાઈ ગઈ. મહેશ જેવો પ્રેમાળ પતિ અને હેતાળ સાસુ-સસરાના હેતમાં મીની મસ્ત બની રહેવા લાગી. દીકરીની જેમ શ્વસુરગૃહે સમાઈ ગઈ.

એકવાર પોતાના સાસુને કોઈ પરિચિત પાડોશી સાથે વાતચીત કરતાં સાંભળ્યા, ''તમને માનવામાં નહીં આવે, પણ ।જકાલના છોકરાઓને રૂપ, સૌદર્ય, પૈસો અને ખોટા દેખાડાની ચકમક જોઈએ છે, એવા પરિવારની છોકરી તો થોડાં જ દિવસોમાં તેનો અસલી રંગ બતાવે છે શાંતિથી રહેતી નથી અને રહેવા દેતી નથી. કામકાજની જવાબદારી તો નથી ઉપડતી પણ સાસુ-સસરા સાથે વહેવાર પણ પરાયા જેવો કરે છે ત્યારે માનવતનો ગર્વ છે કે મારી મીનીએ મારા ઘરને એવી રીતે સંભાળી લીધું છે કે હું તો સાવ નિશ્ચિંત જ થઈ ગઈ છું. એટલું જ નહીં, પણ અમને બન્ને પોતાના સગાં મા-બાપની દીકરીની જેમ વહાલ કરે છે અમને ખૂબ સાચવે છે.

આ સાંભળીને મીની અત્યંત લાગણીશીલ બની ગઈ એને પોતાને આજે સમજાયું હતું કે દેખાવ કરતા સ્વભાવ અને ગુણોનું સૌંદર્ય વધારે ચઢે છે અને આ વાસ્તવિકતાનો વિચાર દરેક મૂરતિયાઓએ કરવા જેવો ખરો. ''કહો ! તમે શું માનો છો ?''

**ભારતી બી. શાહ**

✤ ✤ ✤

**SHREE PATAN JAIN MANDAL PRESENTS**
**PATAN PREMIER LEAGUE**
**PPL TITLE SPONSOR**

## SHRI SAURINBHAI RAJESHBHAI SHAH

**& VALUED SPONSORS**

SAURIN SHAH PRESENTS PPL PATAN PREMIER LEAGUE SEASON 6.0

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સંચાલિત **PPL Patan Premier League Season 6 - 2023નું** આયોજન તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. તેની ઓપનીંગ સેરેમની ટાઈટલ સ્પોન્સર શ્રી સૌરીનભાઈ ફેમીલી તથા મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળા, ઉપપ્રમુખ શ્રી જનકભાઈ, શ્રી રોહિતભાઈ (સ્પોર્ટ્સ સમિતિ ચેરમેન), શ્રી હિતેનભાઈ અને શ્રી રાજુભાઈ પધારીને હંમેશાની જેમ બધાનો ઉત્સાહ વધાર્યો હતો અને સૌને શુભેચ્છા આપી હતી.

પ્રમુખ શ્રી દાનેશભાઈએ સ્પોર્ટ્સ સમિતિના સેક્રેટરી શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈ, જોઈન્ટ સેક્રેટરી શ્રી કેતનભાઈ, શ્રી મેહુલભાઈ, કમિટીના મેમ્બરો શ્રી હર્ષદભાઈ, શ્રી નિશિતભાઈ, શ્રી મિતેશભાઈ, શ્રી પરાગભાઈ, શ્રી કરણભાઈ અને શ્રી અભિષેકને પીપીએલની તૈયારી કરવા બદલ અભિનંદન આપીને બીરદાવ્યા હતા, તેમજ બધાજ સ્પોન્સરોનો આભાર માન્યો હતો.

શ્રી રોહિતભાઈએ તેમની સ્પીચમાં બધાજ પ્લેયરો તથા નીચે જણાવેલ ટીમ ઓનર્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

1. S.K. Strikers - Shri Ketanbai & Gauravbhai
2. Kusum Warriors - Shri Saradbhai & Shri Sahilbhai
3. MTM Riders - Shri Kamleshbhai & Shri Hemalbhai
4. SPS Super Stars - Shri Sandeepbhai
5. Physionsis Smashers - Shri Miteshbhai, Shri Niravanbhai & Shri Bhavinbhai
6. Irasva Starz - Shri Bhupenbhai, Shri Hiteshbhai & Shri Sandeepbhai

આ વખતે ૪૫ વર્ષથી વધારે વયના પટણીઓની પણ મેચ રાખવામાં આવી હતી, જેમાં ૩૫ પ્લેયરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં શ્રી અમીતભાઈ અને શ્રી પરેશભાઈની કેપ્ટનશીપ હેઠળ આ મેચ રમાઈ હતી. તેમાં શ્રી જીનેનભાઈ પ્રભાકર શાહે ખૂબજ સરસ કોમેન્ટ્રી આપી હતી. અને અંતે અમીતભાઈ સેવંતીલાલ શાહની ટીમનો વિજય થયો હતો.

આ વખતે આપણે મેચો કાવેરીની ગ્રાઉન્ડ (બોરીવલી), માહુલ (ચેમ્બુર), વેસ્ટન રેલ્વે (બોઈસર), લોનાવાલા, વલસાડ વિગેરે ગ્રાઉન્ડ ઉપર રમાડવામાં આવી હતી.



**૪૫ વર્ષથી વધારે વયના પટણીઓની મેચ**

તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ જે દિવસની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી અને છ મહિનાની મહેનતનો રંગ આ દિવસે ખીલવાનો હતો. High Voltage Day - Final Day... Closing of PPL Ceremony... Day & Night Match જે પોલિસ જીમખાના (મરીનડ્રાઈવ) ખાતે યોજાઈ હતી. આ અવશરે વિશેષ કરીને આકર્ષણ પંજાબી ઢોલ, ડિજે વગેરેનું હતું. દરેક ફોર અને સીક્સ વખતે મ્યુઝિક વગાડી લોકોમાં જોશ ભર્યો હતો. લગભગ ૭૦૦ થી ૭૫૦ ઉપસ્થિત પ્રેક્ષકોએ આ ફાઈનલ મેચનો ખુબજ આનંદ માણ્યો હતો.

આ ટુર્નામેન્ટમાં પાટણના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ચીફ ગેસ્ટ તરીકે દિલ્હીથી શ્રી રોહિતભાઈના ઈન્વીટેશનને આમંત્રણને માન આપીને પ્રખ્યાત ક્રિકેટર શ્રી કપિલ દેવ (હરિયાણાના વાઘ) જેઓ ઓળખાય છે તેઓ પધાર્યા હતા. તેમની સરપ્રાઈઝ એન્ટ્રી પંજાબી ઢોલ સાથે જ્યારે કરવામાં આવી ત્યારે નાના મોટા બાળકો બધાજ તેમને જોઈને આનંદ ઘેલા થઈ ગયા હતા. શ્રી કપિલદેવે આપણી ફાઈનલ મેચમાં હાજર રહી આપણા પ્રસંગને ચાર ચાંદ લગાડી દીધા હતા.
















પોલીસ જીમખાનાનું ગ્રાઉન્ડ ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહની મહેનતથી મળ્યું હતું, સ્પોર્ટ્સ કમિટી દ્વારા ડેકોરેશન અને વ્યવસ્થા કરવામાં આવી હતી. ફાઈનલ મેચ Irasva Starz અને S.K. Strikers વચ્ચે રમાયેલી આ રસાકસી ભરેલી મેચમાં ફાઈનલી Irasva Starz ટીમનો વિજય થયો હતો. (૧) બેસ્ટ ઈમર્જિંગ પ્લેયર ઓફ ટુર્નામેન્ટ (૨) બેસ્ટ બોલર ઓફ ટુર્નામેન્ટ (૩) બેસ્ટ બેટ્સમેન ઓફ ટુર્નામેન્ટ (૪) મેન ઓફ ધ સીરીઝ (૫) મેન ઓફ ધી મેચ વિગેરેને ઈનામો આપવામાં આવ્યા. મેન ઓફ ધ મેચના સ્પોન્સરર શ્રી કેમલેશભાઈ પ્રેમચંદે વિયેતનામ જવાની ટિકિટ શ્રી પુનીતને આપી હતી.

આ પ્રસંગે ખૂબજ જહેમત લઈ સ્પોર્ટ્સ કમિટીના હેડ અને વાઈસ પ્રેસિડન્ટ શ્રી રોહિતભાઈ શાહ, સેક્રેટરી શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈએ સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. ગ્રાઉન્ડ બુકીંગથી લઈને લિજ્જતદાર લંચના આયોજન સાથે બધીજ જવાબદારી આ ટીમ અને પરાગભાઈ, મિતેશભાઈએ પાર પાડી હતી.

આવતા વર્ષે ભવ્યાતિભવ્ય અને ઠાઠમાઠથી PPL-7 યોજાશે.



# ✻ 8th March - Womens Day ✻








**તા. ૮ માર્ચના રોજ ''વુમેન્સ ડે''** નિમિત્તે આપણા સમાજની મહિલાઓના ઉત્કર્ષ માટે તા. ૧૧ માર્ચ શનિવારના રોજ BCA-Garware Club-Churchgate ખાતે, બપોરે ૩ કલાકે, Women Empowerment ના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજની લગભગ ૪૫૦ થી વધુ સંખ્યામાં ૧૫ વર્ષથી ૮૦ વર્ષ સુધીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળા વાઈસ પ્રેસિડન્ટ શ્રી જનકભાઈ, શ્રી રોહિતભાઈ, શ્રી હિતેનભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી રાજુભાઈ** ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

માનનીય પ્રેસિડન્ટ શ્રી દાનેશભાઈએ શ્રી પાટણ જૈન મંડળ અત્યારે જે ૩ મોટા પ્રોજેક્ટ પર કાર્ય કરી રહ્યા છે તે વિશે જણાવ્યું હતું અને વુમેન એમ્પાવરમેન્ટના કાર્યને બિરદાવીને કમિટીનો ઉત્સાહ વધાર્યો હતો.

વુમન્સ એમ્પાવરમેન્ટ ટીમના કામને બિરદાવીને આગળ વધુ સારી રીતે આપણા સમાજની બહેનોને ઉપયોગી કાર્યો થાય તેમાં સહકાર આપવા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ, શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ, શ્રીમતી સોનલબેન સંદિપભાઈ શાહ (વુમેન્સ એમ્પાવરમેન્ટની કોર કમિટી મેમ્બર) શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ શાહ તથા શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ દરેકે રૂા. ૧ લાખનું** ડોનેશન આપ્યું છે.

સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય વુમેન્સ એમ્પાવરમેન્ટની કોર કમિટી દ્વારા કરવામાં આવ્યું. કન્વીનર શ્રીમતી હીનાબેને નવકાર મંત્ર બોલી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કમિટીના એડવાઈઝર ડૉ. દિપ્તીબેને તમામ ડોનર્સ, માનનીય પ્રેસિડન્ટ તથા વાઈસ પ્રેસિડન્ટને મંચ પર આમંત્રિત કરી ભેટ આપી તેમનું બહુમાન પૂર્વક સ્વાગત કર્યું હતું તથા ઉપસ્થિત તમામ બહેનોને ખૂબ જ સુંદર રીતે આવકાર આપ્યો હતો. ત્યારબાદ વુમેન્સ એમ્પાવરમેન્ટના સેક્રેટરી શ્રીમતી જીમ્મીબેને પાટણની બે ખૂબજ સફળ મહિલાઓ વિશે પરિચય આપ્યો હતો.

**શ્રીમતી હિનાબેન યશમુખભાઈ શાહ (દીશા)** તેઓ આ મેન્ટલી ચેલેન્જ બાળકો માટે છેલ્લા બાવીશ વર્ષથી તન-મન-ધનથી સેવા કરી રહ્યા છે, તથા આપણા સમાજનાં ખૂબ જ જાણીતા ગાયનેકોલોજીસ્ટ **શ્રીમતી ડૉ. કલ્પનાબેન પત્રાવાલા** જેઓ છેલ્લા ૪૫ વર્ષથી કાર્યરત છે. તેમને મંચ પર આમંત્રિત કરી મોમેન્ટો આપી તેમનું સ્વાગત કર્યું હતું. **શ્રીમતી હિનાબેન (દિશા) તથા ડૉ. કલ્પનાબેને** પોતાના કાર્ય વિશે જણાવ્યું હતું.

હિનાબેને આગામી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ દરમ્યાન થનારા કાર્યક્રમોની રૂપરેખા આપી હતી સહુએ તાળીઓના ગડગડાટથી દરેક કાર્યક્રમને વધાવીને ભાગ લેવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો.

સેક્રેટરી શ્રીમતી ભાવિનીબેને ગત વર્ષ દરમ્યાન વુમન એમ્પાવરમેન્ટ ટીમ દ્વારા જે ઓનલાઈન યોગા ક્લાસ, કીડ્સ યોગા ક્લાસ તથા મોબાઈલ એપ્લીકેશન ક્લાસ ચાલુ કરવામાં આવ્યા હતા. તે દરેક ટીચર્સ વિશે જણાવતા કહ્યું હતું; કે તમામ ટીચર પોતાના ક્ષેત્રમાં કાર્યરત અને વ્યસ્ત છે, છતાં નોમીનલ ચાર્જ લઈ સમાજની બહેનોને સેવા આપી રહ્યા છે તેઓની સેવાને બિરદાવતા યોગા ટીચર શ્રીમતી પૂર્વી શાહ, શ્રીમતી હેમલ શાહ, શ્રીમતી નિકિતા શાહ, શ્રીમતી અંકિતા શાહ, મીસ ડીનલ શાહ તથા બાળકો માટેના થીમેટીક યોગા ટીચર શ્રીમતી નિગારી શાહ અને મોબાઈલ એપ્લીકેશનના ટીચર શ્રીમતી બિંદીબેન શાહ તથા શ્રીમતી હેતલબેન શાહને મંચ પર બોલાવી ભેટ આપી તેમનું બહુમાન કર્યું હતું. ત્યારબાદ પાટણના વુમેન એમ્પાવરમેન્ટ ૩ ઈવેન્ટના સંચાલક શ્રીમતી મોના શાહ, શ્રીમતી ફાલ્ગુની શાહ, શ્રીમતી શીતલ શાહની ત્રિપુટીએ મંચ સંભાળ્યું અને વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવતા રંગ જમાવી દીધો. ભારતની અલગ અલગ ક્ષેત્રે આગળ આવેલી

**અનુસંધાન પાના નં. ૯**





મહિલાઓના પાત્રોને સ્ટેજ પર જીવંત કર્યા હતા. જેમાં વુમેન એમ્પાવરમેન્ટની સબ કમિટી મેમ્બરોએ પાત્ર ભજવ્યા હતા. આ પાત્રો Womens Day ના ગેટ ટુ ગેધર કાર્યક્રમનું અનોખુ નજરાણુ બની રહ્યાં હતા.

સમગ્ર કાર્યક્રમના અંતે સેક્રેટરી **શ્રીમતી નીતાબહેને** શ્રી પાટણ જૈન મંડળ તથા કાર્યક્રમને શોભાવનાર માનનીય પ્રેસિડન્ટ તથા વાઈસ પ્રેસિડન્ટ્સ તેમજ માનવંતા ડોનર્સ અને આમંત્રિત મહેમાનોનો આભાર માન્યો હતો. આખા પ્રોગ્રામને સફળ બનાવવામાં ખભે ખભા મિલાવી હંમેશા કામ કરવા તત્પર સબ કમિટીના મેમ્બર્સ તથા કોર ટીમનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના અંતમાં 'હાઈ-ટી'નો લાભ લઈ છૂટા પડ્યા હતા.

એક સાદી સાંજને પાટણની પટરાણીઓ તથા માનવંતા મહેમાનોએ એક યાદગાર સાંજ બનાવી તે બદલ Women Empowerment કમિટી દ્વારા સહુને ધન્યવાદ.








।।શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ।।

# શ્રી પંચાસરા પાર્શ્વનાથજી જૈન દહેરાસર

હેમચંદ્રાચાર્ય માર્ગ, પીપળાની શેરી, પાટણ ૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

**સ્નેહી સ્વજનશ્રી,**

૧૦૮ પાર્શ્વપ્રભુમાંથી '૯' પાર્શ્વપ્રભુ જ્યાં બિરાજમાન છે તેવી વર્તમાનમાં શતાધિક જિનાલયોથી વિભૂષિત પાટણની ઐતિહાસિક ભૂમિ ઉપર ફરી એકવાર પ્રભુ ભક્તિના પડઘમ વાગી રહ્યા છે.

શ્રી પંચાસરા જિનાલયના પરિસરનાં ઉત્તર-પશ્ચિમ ભાગમાં ૭ ગર્ભગૃહથી યુક્ત ૫ જિનાલયોનો સમૂહ ભિન્ન-ભિન્ન કાળખંડમાં નિર્માણ પામેલ. કાળ પ્રભાવે જર્જરીત થયેલ આ જિનાલયો જાણે જિર્ણોદ્ધાર અને એકીકરણની રાહ જોતાં ઊભા હતા.

**તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના** શિષ્યરત્ન, **આચાર્ય ભગવંત શ્રી જગ્ગચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની** પ્રેરણા અનુસરીને આજથી અંદાજે ચાર વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૭૫, તા. ૨૪-૦૨-૨૦૧૯ના દિવસે પ્રતિમાઓની વિધિપૂર્વક ઉત્થાપન વિધિ કરીને શ્રી પંચાસર પાર્શ્વપ્રભુના જિનાલયમાં પરોણાગત પધરાવવામાં આવ્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં માર્ગદર્શન અનુસાર પ્રાચીન જિનાલયોનો આમૂલચૂલ જિર્ણોદ્ધાર કરીને બધા પ્રતિમાજી એક જ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરી શકાય તેવા આયોજનપૂર્વક સંગેમરમરનાં પાષાણથી ત્રિશિખરી જિન પ્રાસાદનું નિર્માણ કરવામાં આવ્યું છે.

હવે અવસર આવ્યો છે પ્રભુ પ્રતિમાઓને નૂતન પ્રાસાદમાં ગાદીનશીન કરવાનો.. **પ્રભુ પ્રતિષ્ઠાનો શુભ દિવસ તા. ૨૪-૦૫-૨૦૨૩, જેઠ સુદ ૫ નો નિર્ધારીત કરવામાં આવેલ છે.** પ્રભુ પ્રતિષ્ઠાની મૂલ્યવાન ઘડીના સાક્ષી બનવા માટે આપ સર્વે પ્રભુ ભક્તોને આત્મિયતાભર્યું આમંત્રણ આપીએ છીએ.

## * પ્રતિષ્ઠાના વિવિધ લાભ લેવાની અમૂલ્ય તક *

૯ પાષાણની પ્રાચીન પ્રતિમા તેમજ **૨** ધાતુની અલૌકિક ચોવીશી એમ ટોટલ **૧૧** પ્રતિમાની પ્રતિષ્ઠાની જિનાલયની **૩** ધ્વજા, ગુરુમંદિરની **૪** ધ્વજા, દ્વારઉદ્‌ઘાટન વિગેરેની બોલી/નકરા, તા. ૦૯-૦૪-૨૦૨૩, રવિવારના દિવસે સવારે ૯.૦૦ કલાકે પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી જગ્ગચંદ્રસૂરીશ્વરજી મ.સા.** આદિની નિશ્રામાં પાટણ મુકામે પંચાસર ધર્મશાળાના હોલમાં બોલાવવામાં આવશે.

## નીચે મુજબ ૯ પ્રતિમાનાં ઘી ની બોલી તા. ૦૯-૦૪-૨૦૨૩ના રોજ પાટણ મુકામે બોલાવવામાં આવશે.

| ભગવાનનું સ્થાન | મુખ્ય શિખરમાં ત્રિગડા | જમણી શિખરમાં ત્રિગડા | ડાબી બાજુ શિખરમાં ત્રિગડા |
|---|---|---|---|
| મૂળનાયક | સુપાર્શ્વનાથજી | સંભવનાથજી | નવખંડા પાર્શ્વનાથજી |
| જમણીબાજુ | મહાવીર સ્વામી | આદીનાથ | ચિંતામણી પાર્શ્વનાથ |
| ડાબીબાજુ | આદીનાથ | ભીંડભંજન પાર્શ્વનાથ | પદ્મપ્રભુ સ્વામી |

પ્રતિષ્ઠા માટે અષ્ટાન્હિકા મહોત્સવ તા. ૧૭-૦૫-૨૦૨૩થી તા. ૨૫-૦૫-૨૦૨૩ દરમ્યાન આનંદસભર, ઉત્સાહભર, ઉમંગ સાથે ઉજવવામાં આવશે. કાર્યક્રમની આછી રૂપરેખા આ સાથે મોકલવામાં આવેલ છે.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથજી જૈન દહેરાસર જિર્ણોદ્ધાર થયેલ નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠા નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવની વિગત

| | | |
|---|---|---|
| બુધવાર | તા. ૧૭-૦૫-૨૦૨૩ | પ્રભુ પ્રવેશ, કુંભ સ્થાપના, જ્વારારોપણ, દિપક સ્થાપના |
| ગુરુવાર | તા. ૧૮-૦૫-૨૦૨૩ | સ્નાત્ર પૂજા |
| શુક્રવાર | તા. ૧૯-૦૫-૨૦૨૩ | નવપદ પૂજા, શક્રસ્તવ |
| શનિવાર | તા. ૨૦-૦૫-૨૦૨૩ | પંચકલ્યાણક પૂજા |
| રવિવાર | તા. ૨૧-૦૫-૨૦૨૩ | વિશસ્થાનક પૂજા |
| સોમવાર | તા. ૨૨-૦૫-૨૦૨૩ | પાટલા પૂજન (ત્રણ), લઘુનંદાવર્ત પૂજન, ક્ષેત્રપાલ પૂજન |
| મંગળવાર | તા. ૨૩-૦૫-૨૦૨૩ | ૧૮ અભિષેક ગભારામાં, ૧૮ અભિષેક રંગમંડપમાં, અનુષ્ઠાન રાત્રિ વિધાન • ઘી ની લોટી, દિપક, પલંગ |
| બુધવાર | તા. ૨૪-૦૫-૨૦૨૩ | પ્રતિષ્ઠા અને ધ્વજા, શાંતિ સ્નાત્ર |
| ગુરુવાર | તા. ૨૫-૦૫-૨૦૨૩ | દ્વાર ઉદ્‌ઘાટન, ઘી બોલી |

ADVT

**વધુ વિગત માટે ટ્રસ્ટીગણનો સંપર્ક કરવા વિનંતી**

શ્રી કીર્તિભાઈ શાહ ... ૯૭૯૫૦૮૦૧૧ શ્રી હરનીષભાઈ શાહ ... ૯૪૨૮૦૨૦૫૩૬ શ્રી સુરેશભાઈ પટ્ટણી ... ૭૪૦૦૨૪૫૫૭૭

શ્રી શૈલેષભાઈ કે. શાહ ... ૯૮૨૧૦૨૩૬૯૩ શ્રી અમીતભાઈ ઝવેરી (સી.એ.) ... ૯૮૨૧૦૪૬૬૯૦ શ્રી ચેતનભાઈ ઝવેરી ... ૯૮૨૫૩૫૦૦૮૪

# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ : અનુમોદનીય પત્ર




**ગૌતમ સ્વામી ગુરુભ્યો નમઃ**

શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ - આ જિનરક્ષિતના ધર્મલાભ.

આપની પાટણની સંસ્થાના ૨૫ વર્ષ પુર્ણ થઈ રહ્યા છે તે જાણી આનંદ થયો ઘણા બધા સાધુ-સાધ્વીજી મ.સા.ને વ્યાકરણાદી ગ્રંથો ભણાવવામાં આ સંસ્થા દ્વારા મોટો લાભ મળ્યો છે. આજની તારીખમાં પણ ધનંજયભાઈ અને રાજુભાઈ દ્વારા આ કાર્ય થઈ રહ્યું છે. તે ખૂબ અનુમોદનીય છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સ્પેશિયલ પાટણ વિહાર કરીને ભણવા માટે આવે છે અને ભણીને સંતોષ પામીને જાય છે. હજી આ સંસ્થા દ્વારા અનેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને વધુને વધુ અભ્યાસ થાય તેવો પ્રયત્ન ટ્રસ્ટીઓ દ્વારા થતો રહે તેવી શુભભાવના ભાવું છું.

આ. જિનરક્ષિત સૂરિશ્વરજી મ.સા.

---

સિદ્ધહેમ જ્ઞાનપીઠ આદરણિય ટ્રસ્ટી શ્રાવકને ધર્મલાભ.

૨૦૨૧માં અમે અમારા આચાર્યશ્રી શ્રી રવિશેખર સુરીશ્વરજીની પ્રેરણાથી પાટણ આવ્યા હતા. અમે મરાઠી પરિવારમાંથી છીએ. અમારા આચાર્યશ્રીની એવી ઈચ્છા હતી, અમને જૈન ધર્મનું જ્ઞાન અને જૈન શાસ્ત્ર તથા સંસ્કૃત ભાષાનું જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે પાટણ આવ્યા. મારા ગુરુજી શ્રી રત્નરેખાશ્રીજી તો વધારે કરીને મારવાડમાં વિચરણ કરતા, એમના માટે તો ગુજરાતમાં ભણવા માટે રહેવું એક નવો અનુભવ હતો. અમારી માટે બધુંજ નવું હતું. શ્રી આચાર્યજીની આજ્ઞાનો એમણે સ્વીકાર કર્યો. પહેલા તો એમને પણ થોડ ડર હતો કે અમે વધારે સમય અહી રહી શકશું કે કેમ ? કારણ કે અમારા માટે આ નવી જગ્યા હતી.

પરંતુ આ પાટણની ભૂમિ પ્રભુ પાર્શ્વનાથ દાદાના ચરણ કમળોથી પવિત્ર થયેલી છે. અહી અમે અમારી દીક્ષા પછીનો પહેલો ચાર્તુમાસ ખેતરવસી-મહાદેવાજીની શેરીમાં થયો. ત્યા પણ અમે જૈન ધર્મના ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યાથી અમે કોકાના પાડે પ્રભા કીર્તિ ઉપાશ્રયમાં આવ્યા. ત્યાં સુલોચના ભવનમાં ચાતુર્માસ રહ્યાં.

